# ગુજરાત મુલ્કી સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬

(સાતમુ પગાર પંચ)

## માર્ગદર્શક ગુજરાતી ભાષાંતર

**ભાષાંતર**

**એમ. એન. રાઠોડ**

GAcS

અધિક તિજોરી અધિકારી, ગોંડલ

E-mail : ajmalsinh@gmail.com

**આ ફક્ત માર્ગદર્શિકા છે તેમાં કોઇ નિયમોનાં અર્થઘટન માટે મૂળ અંગ્રેજી અધિસૂચના ધ્યાને લેવી.**

**આ માર્ગદર્શિકા ફક્ત અંગત ઉપયોગ માટે અને જાણકારી હેતુ માટે જ છે.**

તા. ૧૫-૦૮-૨૦૧૮

M N Rathod ATO-Gondal

**અધિસૂચના**
**નાણા વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર**
**તા. ૧૯મી ઓગષ્ટ, ૨૦૧૬**

અધિસૂચના ક્રમાંક - (જીએન) પીજીઆર – ૧૦૨૦૧૬ – ૨ – પે સેલ, તા. ૧૯-૦૮-૨૦૧૬.

**૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ :**

(૧) આ નિયમો ગુજરાત મુલ્કી સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

(૨) તે ૧લી જાન્યુઆરી, ૨૦૧૬થી અમલમાં આવેલ હોવાનું ગણાશે.

**૨. કયા વર્ગનાં સરકારી અધિકારીઓને આ નિયમો લાગુ પડે છે તે બાબત :**

(૧) આ નિયમો અથવા તે હેઠળ અન્યથા જોગવાઇ કરી હોય તે સિવાય, આ નિયમો ગુજરાત રાજ્યનાં કામકાજ સાથે સંબંધ ધરાવતી મુલકી સેવાઓ અને જગ્યાઓ ઉપર નિમાયેલી વ્યક્તિઓને લાગુ પડશે.

(૨) આ નિયમો નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

I. પૂર્ણકાલિન નોકરીમાં ન હોય તેવી વ્યક્તિઓને,
II. આકસ્મિક ફંડમાંથી જેમનો પગાર ચૂકવાતો હોય તેવી વ્યક્તિઓ,
III. માસિક ધોરણે હોય તે સિવાય અન્યથા પગાર ચૂકવવામાં આવતો હોય તેવી વ્યક્તિઓને, જેમાં માત્ર છૂટક દરનાં ધોરણે જેમનો પગાર ચૂકવાતો હોય તેવી વ્યક્તિઓનો સમાવેશ થાય છે,
IV. કામ પુરતા મહેકમ પરનાં વ્યક્તિઓ અથવા દૈનિક ધોરણે અથવા પ્રાસંગિક રીતે કામે રાખેલી વ્યક્તિઓ, સિવાય કે આવી વ્યક્તિઓની બાબતમાં, સરકાર રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને અન્યથા જોગવાઇ કરે,
V. કરારથી જોગવાઇ કરી હોય તે સિવાય કરારથી કામે રાખેલી વ્યક્તિઓને,
VI. નિવૃત્તિ વયનું અથવા નિવૃત્ત થતી વખતનું પેન્શન રાજ્યનાં એકત્રિત ફંડમાંથી ચૂકવવામાં આવતું હોય કે ન હોય તે બાબતે ધ્યાનમાં લીધા સિવાય, આવું પેન્શન મેળવતી સરકારી નોકરીમાં પૂન:નિમણૂંક થયેલ વ્યક્તિઓને,
VII. એકત્રિત પગાર પદ્ધતિ અથવા નિયત / બાંધ્યા પગાર પદ્ધતિ પ્રમાણે કામે રાખેલી વ્યક્તિઓને,
VIII. સરકાર હુકમ કરીને બીજા કોઇ વર્ગ અથવા કક્ષાની જે વ્યક્તિઓને ખાસ રીતે આ નિયમોની તમામ અથવા કોઇપણ જોગવાઇઓનાં અમલમાંથી બાકાત રાખે તે વર્ગ અથવા કક્ષાની વ્યક્તિઓને,

**3. વ્યાખ્યાઓ :**

I. **'વિદ્યમાન મૂળ પગાર'** એટલે ઠરાવેલો વિદ્યમાન પે બેન્ડ અને ગ્રેડ પે અથવા વિદ્યમાન પગાર ધોરણમાંનો પગાર, પણ તેમાં ખાસ પગાર જેવા બીજા કોઇ પ્રકારનાં પગારનો સમાવેશ થતો નથી.
II. **'વિદ્યમાન પે બેન્ડ અને ગ્રેડ પે'** એટલે સરકારી કર્મચારીનાં સંબંધમાં આ અધિસૂચના પ્રસિદ્ધ થયા તુરત જ આગલા દિવસે તે કાયમી કે અવેજીનાં દરજ્જે જે હોદ્દો ધારણ કરતા હોય તેના પર મળતો વિદ્યમાન પે બેન્ડ અને ગ્રેડ પે.

M N Rathod ATO-Gondal

III. **'પગાર ધોરણ'** એટલે સરકારી કર્મચારીનાં સંબંધમાં આ અધિસૂચના પ્રસિદ્ધ થયા તુરત જ આગલા દિવસે તે કાયમી કે અવેજીનાં દરજ્જે જે હોદ્દો ધારણ કરતા હોય તે માટેનો ઉચ્ચતર વહીવટી ધોરણ મુજબનું પગાર ધોરણ.

IV. **'વિદ્યમાન પગાર બંધારણ'** સરકારી કર્મચારીનાં સંબંધમાં આ અધિસૂચના અમલમાં આવ્યાનાં તુરત જ આગલા દિવસે તે કાયમી કે અવેજીનાં દરજ્જે જે હોદ્દો ધારણ કરતા હોય તે માટેનો પે-બેન્ડ અને ગ્રેડ-પે કે પગારધોરણ.

**સ્પષ્ટીકરણ :** 'વિદ્યમાન મૂળ પગાર', 'વિદ્યમાન પે-બેન્ડ અને ગ્રેડ-પે' અને 'વિદ્યમાન પગાર ધોરણ' એવા કર્મચારીનાં સંબંધમાં કે જે સરકારી કર્મચારી વર્ષ ૨૦૧૬નાં જાન્યુઆરી માસની પ્રથમ તારીખનાં રોજ ભારત બહાર પ્રતિનિયુક્તિ ઉપર હોય અથવા રજા પર હોય અથવા રાજ્યેતર સેવામાં હોય તે સરકારી કર્મચારી અથવા ઉપલી જગ્યા પર અવેજી ધોરણે કામ કર્યુ ન હોત તો તે તારીખે જે સરકારી કર્મચારીએ એક અથવા વધુ નીચલી જગ્યાઓ ઉપર અવેજી ધોરણે કામ કર્યુ હોત તે સરકારી કર્મચારીનાં કિસ્સામાં 'વિદ્યમાન મૂળ પગાર', 'વિદ્યમાન પે-બેન્ડ અને ગ્રેડ-પે' અને 'વિદ્યમાન પગાર ધોરણ'માં તે ભારત બહાર પ્રતિનિયુક્તિ ઉપર અથવા રજા ઉપર અથવા રાજ્યેતર સેવામાં ન હોત, અથવા યથાપ્રસંગ તેણે ઉપલી જગ્યા ઉપર અવેજી ધોરણે કામ કર્યુ ન હોત, તો જે જગ્યા તેણે ધરાવી હોત તે જગ્યાને લાગુ પડતા પગારધોરણનો સમાવેશ થાય છે.

V. **'સરકાર'** એટલે ગુજરાત સરકાર.

VI. **'વિદ્યમાન મળતર'** એટલે (૧) વિદ્યમાન મૂળ પગાર અને (૨) તા. ૦૧-૦૧-૨૦૧૬નાં રોજ સરેરાશ સૂચકાંક મુજબનું વિદ્યમાન મોંઘવારી ભથ્થુ.

VII. **'પે મેટ્રીક્સ'** એટલે પરિશિષ્ટનાં ભાગ-અ મુજબનું મેટ્રીક્સ કે જેમાં વિદ્યમાન પે બેન્ડ અને ગ્રેડ પે મુજબ ઉભા ખાનામાં ગોઠવેલ કક્ષા (લેવલ).

VIII. **'લેવલ (કક્ષા)'** એટલે મેટ્રીક્સમાં વિદ્યમાન પે-બેન્ડ અને ગ્રેડ-પે મુજબની કક્ષા અથવા પરિશિષ્ટનાં ભાગ-અમાં દર્શાવ્યા મુજબનું પગારધોરણ.

IX. **'લેવલ (કક્ષા)માં પગાર'** એટલે પરિશિષ્ટનાં ભાગ-અમાં દર્શાવ્યા મુજબ કક્ષાનાં લાગુ પડતા ખાના મુજબ ચૂકવાતો પગાર.

X. જગ્યાનાં સંદર્ભમાં **'સુધારેલ પગાર માળખુ'** એટલે પે મેટ્રીક્સ અને કક્ષાઓ કે જે વિદ્યમાન પે-બેન્ડ અને ગ્રેડ-પે મુજબ નિયત કરેલ છે તે અથવા કોઇ જગ્યા માટે અલગથી અધિસૂચનાથી નિયત કરેલ પગારધોરણ.

XI. સુધારેલા પગારમાં **'મૂળ પગાર'** એટલે ઠરાવેલ પે મેટ્રીકસમાંની કક્ષા મુજબ ચૂકવાતો પગાર.

XII. **'સુધારેલ મળતર'** એટલે સરકારી કર્મચારીને સુધારેલ પગાર માળખામાં કક્ષા મુજબનો પગાર, અને

XIII. **'પરિશિષ્ટ'** એટલે આ નિયમો સાથે જોડલા પરિશિષ્ટ.

## ૪. જગ્યાઓની કક્ષા :

જગ્યાઓની કક્ષા વિદ્યમાન પગાર અને ગ્રેડ-પે અથવા પગારધોરણ સાથે સુસંગત હોઇ તે રીતે વિવિધ કક્ષાઓ નક્કી થશે અથવા 'પે-મેટ્રીક્સ'માં નક્કી કરવામાં આવેલ લેવલ / કક્ષા.

## ૫. સુધારેલ પગારમાળખામાં પગાર મેળવવા બાબત :

આ નિયમોમાં અન્યથા જોગાઇ કરી હોય તે સિવાય, કોઇ સરકારી કર્મચારી, તેને જે જગ્યા ઉપર નીમવામાં આવ્યો હોઇ તે જગ્યાને લાગુ પડતા સુધારેલા પગારમાળખામાં લાગુ પડતી કક્ષા મુજબનો પગાર મેળવશે,

M N Rathod ATO-Gondal

પરંતુ કોઇ સરકારી કર્મચારીને જે તારીખે વિદ્યમાન પગારધોરણમાં તેનો આગામી અથવા ત્યાર પછીનો કોઇ ઇજાફો મળે નહીં તે તારીખ સુધી અથવા તે તેની જગ્યા ખાલી ન કરી દે ત્યાં સુધી અથવા તે પગારધોરણમાં તેને પગાર મળતો બંધ થાય ત્યાં સુધી, તે વિદ્યમાન પગારધોરણમાં પગાર લેવાનું ચાલુ રાખવાનું પસંદ કરી શકશે.

વધુમાં બઢતી, પગારધોરણનું ઊંચુ લાવવુ વગેરે કારણોસર, કોઇ સરકારી કર્મચારીને, વર્ષ ૨૦૧૬નાં જાન્યુઆરી માસની ૧લી તારીખ અને આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખ વચ્ચેનાં સમયગાળામાં ઉચ્ચત્તર પગાર-ધોરણમાં મુકવામાં આવે, તો તે સરકારી કર્મચારી આવી બઢતી, પગારધોરણ ઊંચુ લાવવાની તારીખથી સુધારેલા પગારમાળખામાં પગાર ફેરવવાનું પસંદ કરી શકશે.

***સ્પષ્ટીકરણ-૧*** આ નિયમનાં જોગવાઇ હેઠળ વિદ્યમાન પગારધોરણ ચાલુ રાખવાનો વિકલ્પ ૧ (એક) વિદ્યમાન પગાર અને ગ્રેડ-પે કે પગારધોરણનાં સંબંધમાં મળવાપાત્ર રહેશે.

***સ્પષ્ટીકરણ-૨*** વર્ષ ૨૦૧૬નાં જાન્યુઆરી માસની ૧લી તારીખે અથવા ત્યાર પછી સરકારી નોકરીમાં પ્રથમવાર અથવા અન્ય જગ્યા ઉપરથી બદલી કરીને કોઇ જગ્યા ઉપર નીમાયેલી કોઇપણ વ્યક્તિને ઉપર્યુક્ત વિકલ્પ મળવાપાત્ર થશે નહી અને તેને સુધારેલા પગારમાળખામાં જ પગાર લેવાની છૂટ આપવામાં આવશે.

***સ્પષ્ટીકરણ-૩*** કોઇ સરકારી કર્મચારી, ગુજરાત મુલ્કી લેવા (પગાર) નિયમો, ૨૦૦૨નાં નિયમો-૧૧ અને ૧૩ હેઠળ અથવા તે જગ્યાએ લાગુ પડતા બીજા કોઇ નિયમ અથવા હુકમ હેઠળ, તે પગારધોરણમાં, પગાર નિયમિત કરવાનાં હેતુ માટે, નિયમિત ધોરણે અવેજી હેસિયતથી પોતે ધરાવેલી જગ્યાનાં સંબંધમાં વિદ્યમાન પગારધોરણ રાખવાનો વિકલ્પ, આ નિયમની જોગવાઇ હેઠળ ઉપયોગ કરે, ત્યારે તેનો કાયમી (મૂળ) પગાર, જે કાયમી જગ્યા પર તે ધારણાધિકાર ધરાવતો હોઇ અથવા તેનો ધારણાધિકાર મોકૂફ રાખવામાં આવ્યો ન હોત તો જે કાયમી જગ્યા ઉપર તેણે ધારણાધિકાર ધરાવ્યો હોત, તે કાયમી જગ્યાનાં સંબંધમાં તેને વિદ્યમાન પગારધોરણ રાખ્યું હોત તો, તેને જે કાયમી પગાર મળ્યો હોત તે કાયમી પગાર અથવા અવેજી જગ્યાનાં જે પગારે તે સમયે અમલમાં હોય તેવા કોઇ હુકમ અનુસાર કાયમી પગારનું સ્વરૂપ પ્રાપ્ત કર્યુ હોય તે પગાર, આ બેમાંથી જે વધુ હોઇ તે રહેશે.

**૬. વિકલ્પનો ઉપયોગ :**

**(૧) સામાન્ય કિસ્સામાં :**

નિયમ-પની જોગવાઇમાં સંદર્ભિત વિકલ્પ, આ નિયમો સાથે જોડેલા નમૂના-૧ પ્રમાણે લેખિતમાં ઉપયોગ કરવાનો રહેશે અને આ નિયમોની રાજ્યપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ૩ માસની અંદર અથવા વિદ્યમાન પગાર બંધારણ કોઇ હુકમથી અથવા તે તારીખ પછી આ નિયમોમાં કરેલા કોઇ સુધારાથી સુધારવામાં આવ્યું હોય ત્યારે, આવા હુકમ અથવા સુધારાની પ્રસિદ્ધિની તારીખથી ૩ માસની અંદર, પેટા-નિયમ-(૨)માં જણાવેલા સત્તાધિકારીને તેની જાણ કરવી જોઇશે.

**ભારત બહાર રજા પર, પ્રતિનિયુક્તિ, રાજ્યેતર સેવાનાં કિસ્સામાં :**

પરંતુ, સરકારી કર્મચારી આવી પ્રસિદ્ધિની તારીખે અથવા યથાપ્રસંગે, આવા હુકમની તારીખે ભારત બહાર રજા પર હોય અથવા પ્રતિનિયુક્તિ ઉપર હોય અથવા રાજ્યેતર સેવામાં અથવા સક્રિય સેવામાં હોય તેવા કિસ્સામાં, સદરહુ વિકલ્પ, ભારતમાં પોતાની જગ્યાનો હવાલો સંભાળ્યા તારીખથી ૩ માસની અંદર સદરહુ સત્તાધિકારીને પહોંચે કે જાણ થાય તેવી રીતે લેખિતમાં ઉપયોગ કરવો જોઇશે, અને

M N Rathod ATO-Gondal

**ફરજમોકૂફીનાં કિસ્સામાં :**

તા. ૦૧-૦૧-૨૦૧૬નાં રોજ સરકારી કર્મચારી ફરજમોકૂફી હેઠળ હોય ત્યારે, તેની ફરજ ઉપર તે પાછો આવે તે તારીખથી ૩ માસની અંદર, જો તેવી તારીખ આ પેટા નિયમમાં ઠરાવેલી તારીખ કરતા પછીની તારીખ હોય તો, એવો વિકલ્પ ઉપયોગ કરી શકશે.

(૨) **વિકલ્પ કોને સંબોધીને આપવો ?:**

પેટા નિયમ-(૧)માં સંદર્ભિત વિકલ્પની જાણ સરકારી કર્મચારીએ,

I. સરકારી કર્મચારી કે જે **<u>ખાતાનાં વડા</u>** હોય તો **<u>પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર અથવા અમદાવાદને</u>**
II. સરકારી કર્મચારી કે જે ખાતાનાં વડા સિવાયનાં **<u>રાજ્યપત્રિત અધિકારી</u>** હોય તો **ખાતાનાં વડાને**
III. સરકારી કર્મચારી **<u>બિન-રાજ્યપત્રિત</u>** હોય તો **<u>જે જગ્યા પર હોય તે ખાતાનાં વડા અથવા કચેરીનાં વડાને</u>**

(૩) પેટા નિયમ-(૧)માં ઠરાવેલી સમયમર્યાદામાં વિકલ્પ સ્વીકાર્યાની જાણ ન કરવામાં આવે તો તે સરકારી કર્મચારીએ તા. ૦૧-૦૧-૨૦૧૬થી અને તે દિવસથી અમલમાં આવે તેમ, સુધારેલ પગાર બંધારણ લાગુ પાડવાનો વિકલ્પ પસંદ કર્યો હોવાનું માની લેવામાં આવશે.

(૪) એકવાર ઉપયોગ કરવામાં આવેલ વિકલ્પ અંતિમ ગણાશે.

**નોંધ-૧** તા. ૦૧-૦૧-૨૦૧૬નાં રોજ અથવા ત્યારબાદ મંજૂર કરેલી જગ્યાઓની અવધિ પૂર્ણ થવાને લીધે ફરજમુક્તિ, રાજીનામા, બરતરફી અથવા રુખસદ અથવા શિસ્તવિષયક કારણોસર જેંની સેવાઓનો અંત આવવાને કારણે ઠરાવેલી સમયમર્યાદામાં વિકલ્પની પસંદગી ન કરી શકી હોય તેવી વ્યક્તિઓ, આ નિયમ હેઠળનાં લાભો મેળવવાને હક્કદાર રહેશે.

**નોંધ-૨** તા. ૦૧-૦૧-૨૦૧૬નાં રોજ અથવા તે પછી અવસાન પામેલી અને ઠરાવેલી સમયમર્યાદામાં વિકલ્પની પસંદગી ન કરી શકી હોય તેવી વ્યકિતઓએ, તા. ૦૧-૦૧-૨૦૧૬ની તારીખે અને તે તારીખથી અથવા સુધારેલ પગારધોરણ વધુ અનુકૂળ હોય તો, તેઓનાં આશ્રિતોને સૌથી વધુ લાભકારક હોય તેવી પછીની તારીખથી, સુધારેલ પગારધોરણનો વિકલ્પ પસંદ કરેલ હોવાનું માની લેવામાં આવશે અને આવા કિસ્સામાં કચેરીનાં વડાએ ચઢત રકમની ચૂકવણી માટેનાં જરૂરી પગલાં લેવા જોઇશે.

**નોંધ-૩ તા. ૦૧-૦૧-૨૦૧૬નાં રોજ રજા (પ્રાપ્ત રજા કે બીજી કોઇ રજા ) પર હોય તેવી વ્યક્તિઓ** રજા પગાર માટે હક્કદાર થતી હોય તેઓ પેટા નિયમ-(૧) મુજબ વિકલ્પનો ઉપયોગ કરી શકશે.

**૭. સુધારેલ પગાર બંધારણમાં પગારબાંધણી :**

(૧) તા. ૦૧-૦૧-૨૦૧૬નાં રોજ અને તે તારીખથી નિયમ-૬ હેઠળ સુધારેલ પગારધોરણ પ્રમાણેનો વિકલ્પ પસંદ કરે અથવા તેણે પસંદ કર્યો હોવાનું ગણાતુ હોય તેવા સરકારી કર્મચારીનો પ્રારંભિક પગાર કોઇપણ કિસ્સામાં સરકાર, ખાસ હુકમથી અથવા અન્યથા આદેશ કરે તે સિવાય, જે કાયમી જગ્યા પર તે ધારણાધિકાર ધરાવતો હોય અથવા તેનો ધારણાધિકાર મોકૂફ રાખવામાં આવ્યુ ન હોત તો જે ધારણાધિકાર ધરાવત તે જ કાયમી જગ્યામાં તેના મૂળ પગારનાં સંબંધમાં અલગ રીતે તેણે ધરાવેલી અવેજી જગ્યામાંનાં તેના પગારનાં સંબંધમાં નીચેની રીતે નક્કી કરવામાં આવશે,

M N Rathod ATO-Gondal

(ક) **તમામ કર્મચારીઓ**નાં કિસ્સામાં,

I. ‘પે-મેટ્રીક્સ’માં લાગુ પડતી કક્ષામાં પગાર એટલે વિદ્યમાન મૂળ પગારને **૨.૫૭ વડે ગુણવાથી** નજીકનાં રૂપિયા સુધી લઇ ગયા બાદ મળતી રકમ અને આ રીતે આવેલ પગારની રકમ પે-મેટ્રીક્સમાં લાગુ પડતી કક્ષામાં (લેવલ) જયાં આવતી હોઇ તે સેલ (એકમ) મુજબની રકમ હશે અને આ સરખી રકમ સેલમાં દર્શાવેલ હોઇ તો તે જ રકમ પગાર ગણાશે અને જો આવી રકમનો કોઇ સેલ લાગુ પડતી કક્ષામાં ન હોઇ તો તુરત જ ઉંચી રકમનાં સેલ મુજબની રકમ પે-મેટ્રીક્સની લાગુ પડતી કક્ષામાં પગાર ગણાશે.

<u>**ઉદાહરણ :**</u>

| **૧** | **વિદ્યમાન પે-બેન્ડ પીબી-૧** | **પે બેન્ડ** | **પ૨૦૦-૨૦૨૦૦** | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **૨** | વિદ્યમાન ગ્રેડ-પે ₹. ૨૪૦૦ | ગ્રેડ-પે | ૧૮૦૦ | ૧૯૦૦ | ૨૦૦૦ | **૨૪૦૦** | ૨૮૦૦ |
| **૩** | વિદ્યમાન પે બેન્ડમાંનો પગાર ₹. ૧૦૧૬૦ | લેવલ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **૪** | વિદ્યમાન મૂળ પગાર ૧૨૫૬૦ (૧૦૧૬૦ + ૨૪૦૦) | ૧ | ૧૮૦૦૦ | ૧૯૯૦૦ | ૨૧૭૦૦ | ૨૫૫૦૦ | ૨૯૨૦૦ |
| **૫** | બાંધણી ગુણક ૨.૫૭ વડે ગુણાકાર કર્યા બાદનો પગાર ૨.૫૭ x ૧૨૫૬૦ = ૩૨૨૭૯.૨૦ [૩૨૨૭૯ સુધી લઇ ગયા (રાઉન્ડ ઓફ)] | ૨ | ૧૮૫૦૦ | ૨૦૫૦૦ | ૨૨૪૦૦ | ૨૬૩૦૦ | ૩૦૧૦૦ |
| **૬** | ગ્રેડ-પે ૨૪૦૦ અનુરૂપ કક્ષા (લેવલ) – ૪ | ૩ | ૧૯૧૦૦ | ૨૧૧૦૦ | ૨૩૧૦૦ | ૨૭૧૦૦ | ૩૧૦૦૦ |
| **૭** | પે-મેટ્રીક્સમાં સુધારેલ પગાર (કક્ષા-૪માં સરખી રકમ અથવા ૩૨૨૭૯ પછીની ઉંચી રકમ ૩૨૩૦૦) | ૪ | ૧૯૭૦૦ | ૨૧૭૦૦ | ૨૩૮૦૦ | ૨૭૯૦૦ | ૩૧૯૦૦ |
| | | ૫ | ૨૦૩૦૦ | ૨૨૪૦૦ | ૨૪૫૦૦ | ૨૮૭૦૦ | ૩૨૯૦૦ |
| | | ૬ | ૨૦૯૦૦ | ૨૩૧૦૦ | ૨૫૨૦૦ | ૨૯૬૦૦ | ૩૩૯૦૦ |
| | | ૭ | ૨૧૫૦૦ | ૨૩૮૦૦ | ૨૬૦૦૦ | ૩૦૫૦૦ | ૩૪૯૦૦ |
| | | ૮ | ૨૨૧૦૦ | ૨૪૫૦૦ | ૨૬૮૦૦ | ૩૧૪૦૦ | ૩૫૯૦૦ |
| | | ૯ | ૨૨૮૦૦ | ૨૫૨૦૦ | ૨૭૬૦૦ | <u>**૩૨૩૦૦**</u> | ૩૭૦૦૦ |
| | | ૧૦ | ૨૩૫૦૦ | ૨૬૦૦૦ | ૨૮૪૦૦ | ૩૩૩૦૦ | ૩૮૧૦૦ |
| | | ૧૧ | ૨૪૨૦૦ | ૨૬૮૦૦ | ૨૯૩૦૦ | ૩૪૩૦૦ | ૩૯૨૦૦ |

M N Rathod ATO-Gondal

II. પેટા નિયમ-(i) મુજબ ગણતરી કર્યા બાદની રકમ લઘુત્તમ પગાર અથવા લાગુ પડતી કક્ષામાં પ્રથમ સેલ (એકમ) કરતા ઓછી આવતી હોઇ તો પગાર લાગુ પડતી કક્ષાનાં પ્રથમ સેલ (એકમ) જેટલો નક્કી થશે.

(ખ) **ચિકિત્સક (મેડીકલ ઓફીસર)** કે જેઓને ‘ખાનગી વ્યવસાય બંધી વળતર ભથ્થુ – NPPA’ મળવાપાત્ર છે તેઓને સુધારેલ પગારધોરણમાં પગારબાંધણી નીચેની રીતે કરવામાં આવશે.

I. વિદ્યમાન પગારને બાંધણી ગુણક ૨.૫૭ વડે ગુણવાથી જે રકમ આવે તે રકમમાં ‘ખાનગી વ્યવસાય બંધી વળતર ભથ્થા’ પર તા. ૦૧-૦૧-૨૦૧૬નાં દર મુજબનું મોંઘવારી ભથ્થુ ઉમેરવાથી મળતી રકમ પે-મેટ્રીક્સમાં

અનુરૂપ કક્ષા (લેવલ)માં જયાં આવતી હોઇ તે સેલ (એકમ) મુજબની રકમ હશે અને આ સરખી રકમ સેલમાં દર્શાવેલ હોઇ તો તે જ રકમ પગાર ગણાશે અને જો આવી રકમનો કોઇ સેલ અનુરૂપ કક્ષામાં ન હોઇ તો તુરત જ ઉંચી રકમનાં સેલ મુજબની રકમ પે-મેટ્રીક્સની લાગુ પડતી કક્ષામાં પગાર ગણાશે.

**II.** ‘ખાનગી વ્યવસાયબંધી વળતર ભથ્થા’ પર જ્યાં સુધી કોઇ વધારાનો નિર્ણય ન લેવાય ત્યાં સુધી ઉપરોક્ત પેટાનિયમ-(i) મુજબ નક્કી થયેલા પગારમાં જૂનુ ‘ખાનગી વ્યવસાયબંધી વળતર ભથ્થુ’ ઉમેરાશે.

**ચિકિત્સકનાં પગારનું સુધારેલ પગારબંધારણમાં બાંધણીનું ઉદાહરણ :**

| | | | | | |
|---|---|---|---|---|---|
| **૧** | **વિદ્યમાન પે બેન્ડ – પીબી-૩** | **પે બેન્ડ** | **૧૫૬૦૦-૩૯૧૦૦** | | |
| **૨** | વિદ્યમાન ગ્રેડ-પે ₹. ૫૪૦૦ | ગ્રેડ-પે | **૫૪૦૦** | ૬૬૦૦ | ૭૬૦૦ |
| **3** | વિદ્યમાન પે બેન્ડમાંનો પગાર ₹. ૧૫૬૦૦ | લેવલ | ૧૦ | ૧૧ | ૧૨ |
| **૪** | વિદ્યમાન મૂળ પગાર ₹. ૨૧૦૦૦ | ૧ | ૫૬૧૦૦ | ૬૭૭૦૦ | ૭૮૮૦૦ |
| **૫** | મૂળપગારનાં ૨૫% ખા.વ્ય.બં. ભથ્થુ (NPA) ₹.૫૨૫૦ | ૨ | ૫૭૮૦૦ | ૬૯૭૦૦ | ૮૧૨૦૦ |
| **૬** | NPA પર ૧૨૫% મુજબ મોંઘવારી ભથ્થુ ₹.૬૫૬૩ | ૩ | ૫૯૫૦૦ | ૭૧૮૦૦ | ૮૩૬૦૦ |
| **૭** | બાંધણી ગુણક ૨.૫૭ વડે ગુણાકાર કર્યા બાદનો પગાર ૨.૫૭ x ૨૧૦૦૦ = ૫૩૯૭૦ (૩૨૨૭૯ સુધી લઇ ગયા (રાઉન્ડ ઓફ)) | ૪ | **<u>૬૧૩૦૦</u>** | ૭૪૦૦૦ | ૮૬૧૦૦ |
| **૮** | NPA પર ૧૨૫% મુજબ મોંઘવારી ભથ્થુ ₹.૬૫૬૩ | ૫ | ૬૩૧૦૦ | ૭૬૨૦૦ | ૮૮૭૦૦ |
| **૯** | ક્રમ-૭ અને ૮નો સરવાળો = ₹. ૬૦૫૩૩ | ૬ | ૬૫૦૦૦ | ૭૮૫૦૦ | ૯૧૪૦૦ |
| **૧૦** | ગ્રેડ-પે પીબી-૩ ૫૪૦૦ અનુરૂપ કક્ષા (લેવલ) – ૧૦ | | | | |
| **૧૧** | પે-મેટ્રીક્સમાં સુધારેલ પગાર (કક્ષા-૧૦માં સરખી રકમ અથવા ૬૦૫૪૦ પછીની ઉંચી રકમ ૬૧૩૦૦) | | | | |
| **૧૨** | વિદ્યમાન પગારમાં NPA ₹. ૫૨૫૦/- | | | | |
| **૧૩** | સુધારેલ પગાર + વિદ્યમાન પગાર મુજબનું NPA | | | | |

(૨) **કર્મચારી તા. ૦૧-૦૧-૨૦૧૬નાં રોજ રજા પર હોય** અને રજા પગાર મેળવવાપાત્ર હોય તો તા. ૦૧-૦૧-૨૦૧૬થી અથવા સુધારેલ પગારધોરણ સ્વીકાર્યાનાં વિકલ્પનો ઉપયોગ કર્યા તારીખથી સુધારેલ પગારધોરણ મેળવી શકશે.

(૩) **કર્મચારી તા. ૦૧-૦૧-૨૦૧૬નાં રોજ અભ્યાસ રજા પર હોય** તો તે તા. ૦૧-૦૧-૨૦૧૬ અથવા વિકલ્પની તારીખથી સુધારેલ પગાર ધોરણ મેળવી શકશે.

(૪) **જે કર્મચારી ફરજમોકૂફ હોય** તે વિદ્યમાન પગારધોરણ મુજબ નિર્વાહ ભથ્થુ મેળવવાનું ચાલુ રાખશે અને તેને સુધારેલ પગારધોરણ શિસ્તવિષયક કાર્યવાહીનાં અંતિમ હુકમ અનુરૂપ રહેશે.

(૫) જ્યાં વિદ્યમાન મળતર સુધારેલ પગારધોરણનાં મળતર કરતા વધી જતુ હોય ત્યાં તફાવતની રકમ ‘અંગત પગાર’ તરીકે ગણાશે અને તે ભવિષ્યનાં પગાર વધારામાં સરભર કરવાની રહેશે.

(૬) જ્યાં ઉપરોક્ત પેટા નિયમ-(૧) મુજબની બાંધણીમાં, એવા કર્મચારી કે જે તા. ૦૧-૦૧-૨૦૧૬નાં તુરત પહેલા વિદ્યમાન પગારમાં તેના એક જ સંવર્ગનાં જુનિયર કર્મચારી કરતા વધુ પગાર મેળવતો હોય તેનો પગાર સુધારેલ

M N Rathod ATO-Gondal

પગારમાં તેના જુનિયર કર્મચારી કરતા નીચેના સેલ (એકમ)માં નક્કી થતો હોય તો તેવા કર્મચારીનો પગાર જુનિયર કર્મચારીનાં નક્કી થયેલા પગારનાં સેલ (એકમ) સુધી પગાર વધારી આપવાનો (સ્ટેપ અપ) રહેશે.

(૭) જ્યાં સરકારી કર્મચારી આ અધિસૂચના તુરત પહેલા તેના વિદ્યમાન પગાર સાથે અંગત પગાર મેળવતો અને તે સુધારેલ પગારધોરણ કરતા વધારે થતુ હોઇ તો જે વધારો આવે તે અંગત પગાર તરીકે ગણાશે અને તે ભવિષ્યનાં પગાર વધારામાં સમાવવામાં આવશે.

**(૮) તા. ૦૧-૦૧-૨૦૧૬ પેહલા બઢતી પામેલા સીનીયર કર્મચારી કરતા જુનિયરનો પગાર વધારે હોય તો :**

I. એવા કિસ્સામાં કે જેમા તા. ૦૧-૦૧-૨૦૧૬ પહેલા સીનીયર કર્મચારી ઉંચી જગ્યા પર બઢતી પામેલ હોઇ અને સુધારેલ પગારમાં જુનિયર કર્મચારી કરતા ઓછો પગાર મેળવતા હોય અને આ જુનિયર કર્મચારીને તા.૦૧-૦૧-૨૦૧૬ કે ત્યારબાદ ઉંચી જગ્યા પર બઢતી મળેલ હોય, ત્યારે સીનીયર કર્મચારીનો પગાર સુધારેલ પગારમાળખામાં જુનિયર કર્મચારીને જે પગારબાંધણી થયેલ હોય ત્યાં નક્કી થશે અને આવુ પગાર વધારી / ઉંચે લઇ જવાનું (સ્ટેપ અપ)ની અસર જુનિયર કર્મચારીને બઢતી આપ્યા તારીખથી નીચેની શરતો પૂર્ણ કર્યેથી આપી શકાશે.

a) બન્ને જુનિયર અને સીનીયર કર્મચારીઓ એક જ સંવર્ગમાં અને જે જગ્યા પર બઢતી મળી છે તે જગ્યા એક જ સંવર્ગમાં સરખી હોવી જોઇએ.

b) ઉપરની જગ્યા અને નીચેની જગ્યા જે પગાર મળવાપાત્ર છે તે વિદ્યમાન પગારમાં અને સુધારેલ પગારમાં બન્નેમાં સરખા હોવા જોઇએ.

c) સીનીયર કર્મચારી બઢતી સમયે તેનાથી જુનિયર કર્મચારી જેટલો અથવા તેનાથી વધારે પગાર ધરાવતા હોવા જોઇએ.

d) આ વિસંગતી ગુજરાત રાજ્ય સેવા (પગાર) નિયમો, ૨૦૦૨નાં નિયમ-૧૧ અને ૧૩ અથવા સુધારેલા પગાર ધોરણમાંની આવી બઢતી ઉપર પગાર નક્કી કરવાનું નિયમન કરતાં અન્ય કોઇ નિયમ અથવા હુકમની જોગવાઇઓ લાગુ પાડવાનું સીધુ પરિણામ છે.

જ્યાં નીચલી જગ્યા ઉપર પણ જુનિયર કર્મચારીને મળેલા કોઇ અગ્રીમ ઇજાફાનાં કારણે, સુધાર્યા પહેલાનાં પગારધોરણમાં કોઇ સિનિયર કર્મચારી કરતાં વધુ પગાર મેળવતા હોય, ત્યારે સીનીયર કર્મચારીને આ જોગવાઇ હેઠળ પગાર વધારાનો લાભ મળશે નહીં.

**II. પૂન:બાંધણી હુકમ :**

સીનીયર કર્મચારીનાં પગારનો 'પૂન:બાંધણી હુકમ' ઉપરોક્ત ક્રમ-I મુજબની ગુજરાત રાજ્ય સેવા (પગાર) નિયમો, ૨૦૦૨નાં નિયમ-૧૧ અને ૧૩ અન્વયે કરવાનો રહેશે અને સીનીયર કર્મચારીને પછીનો ઇજાફો 'પૂન: બાંધણી હુકમ'ની તારીખથી નિર્ધારિત પાત્ર સેવા પૂર્ણ કર્યા બાદ મળવાપાત્ર રહેશે.

(૯) નિયમ-૫ મુજબની જોગવાઇનાં સંદર્ભે, જો નક્કી થયેલો કાયમી પગાર ઉપરોક્ત ક્રમ-I મુજબ નક્કી થયેલા અવેજી પગાર કરતા ઓછો હોય તો તે જ સ્તરે પહેલાનો પગાર નક્કી થશે.

M N Rathod ATO-Gondal

## ૮. સીધી ભરતીથી તા. ૦૧-૦૧-૨૦૧૬ કે ત્યારબાદ નિમણૂંક પામેલા કર્મચારીઓનો પગાર નક્કી કરવો :

તા. ૦૧-૦૧-૨૦૧૬ કે ત્યારબાદ સીધી નવી ભરતીથી નિમણૂંક પામેલા કર્મચારીનો પગાર તે જે જગ્યા પર નિમણૂંક પામ્યો હોય તેને અનુરૂપ કક્ષાનાં પ્રથમ સેલ (એકમ)નો લઘુત્તમ પગાર નક્કી થશે.

પરંતુ, એવા કર્મચારીને કે જેમની નિમણૂંક તા. ૦૧-૦૧-૨૦૧૬ અને આ સુધારેલ પગાર નિયમોની અધિસૂચનાની પ્રસિદ્ધિની તારીખ વચ્ચે થયેલ હોઇ, તેમનો પગાર વિદ્યમાન પગારધોરણમાં નક્કી થઇ ગયો હોઇ અને જો તેમનો વિદ્યમાન પગાર, સુધારેલ પગાર ધોરણનાં લઘુત્તમ પગાર અથવા અનુરૂપ કક્ષા (લેવલ)નાં પ્રથમ એકમ (સેલ)થી વધુ હોય કે જેમા તે તા. ૦૧-૦૨-૨૦૧૬ કે ત્યારબાદ નિમણૂંક પામ્યો હોઇ, તો તેટલા તફાવતની રકમ 'અંગત પગાર' તરીકે ગણાશે અને તે ભવિષ્યનાં પગાર વધારા (ઇજાફા)માં સમાવેશ થશે.

## ૯. 'પે મેટ્રીક્સ'માં ઇજાફો:

ઇજાફો પે મેટ્રીક્સમાં અનુરૂપ કક્ષામાં ઉભા એકમોમાં દર્શાવ્યા મુજબ રહેશે.

**ઉદાહરણ :**

| કક્ષા-૪નાં ૩૨૩૦૦ મૂળ પગારવાળા કર્મચારી આ જ કક્ષામાં ઉભાં સ્તંભમાં તુરત જ નીચેની તરફ જતો એકમ અને ઇજાફો મંજૂર થયા બાદ તેનો પગાર ૩૩૩૦૦ થશે. | **પે-બેન્ડ** | **૫૨૦૦-૨૦૨૦૦** | | | | |
|---|---|---|---|---|---|---|
| | ગ્રેડ-પે | ૧૮૦૦ | ૧૯૦૦ | ૨૦૦૦ | **૨૪૦૦** | ૨૮૦૦ |
| | કક્ષા | ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | ૧ | ૧૮૦૦૦ | ૧૯૯૦૦ | ૨૧૭૦૦ | ૨૫૫૦૦ | ૨૯૨૦૦ |
| | ૨ | ૧૮૫૦૦ | ૨૦૫૦૦ | ૨૨૪૦૦ | ૨૬૩૦૦ | ૩૦૧૦૦ |
| | ૩ | ૧૯૧૦૦ | ૨૧૧૦૦ | ૨૩૧૦૦ | ૨૬૩૦૦ | ૩૧૦૦૦ |
| | ૪ | ૧૯૭૦૦ | ૨૧૭૦૦ | ૨૩૮૦૦ | ૨૭૯૦૦ | ૩૧૯૦૦ |
| | ૫ | ૨૦૩૦૦ | ૨૨૪૦૦ | ૨૪૫૦૦ | ૨૮૭૦૦ | ૩૨૯૦૦ |
| | ૬ | ૨૦૯૦૦ | ૨૩૧૦૦ | ૨૫૨૦૦ | ૨૯૬૦૦ | ૩૩૯૦૦ |
| | ૭ | ૨૧૫૦૦ | ૨૩૮૦૦ | ૨૬૦૦૦ | ૩૦૫૦૦ | ૩૪૯૦૦ |
| | ૮ | ૨૨૧૦૦ | ૨૪૫૦૦ | ૨૬૮૦૦ | ૩૧૪૦૦ | ૩૫૯૦૦ |
| | ૯ | ૨૨૮૦૦ | ૨૫૨૦૦ | ૨૭૬૦૦ | **૩૨૩૦૦** | ૩૭૦૦૦ |
| | | | | | ↓ | |
| | ૧૦ | ૨૩૫૦૦ | ૨૬૦૦૦ | ૨૮૪૦૦ | **૩૩૩૦૦** | ૩૮૧૦૦ |
| | ૧૧ | ૨૪૨૦૦ | ૨૬૮૦૦ | ૨૯૩૦૦ | ૩૪૩૦૦ | ૩૯૨૦૦ |

## ૧૦. સુધારેલ પગારધોરણમાં આગામી ઇજાફાની તારીખ :

(૧) વિદ્યમાન ૧લી જુલાઇ દર વર્ષેને બદલે ૧લી જાન્યુઆરી અને ૧લી જુલાઇ દર વર્ષે એમ બે ઇજાફાની તારીખો રહેશે.

તેમ છતાં, કર્મચારીને વર્ષમાં એક જ ઇજાફો મળશે; ૧લી જાન્યુઆરી અથવા ૧લી જુલાઇ, તેમની નિમણૂંક, બઢતી અથવા ઉચ્ચ પગાર ધોરણ યોજના અન્વયે મંજૂર થયેલ નાણાકીય વધારાની તારીખ મુજબ.

M N Rathod ATO Gondal

(૨) **જાન્યુઆરીમાં ઇજાફો :**

૨જી જાન્યુ. થી ૧લી જુલાઇ (બન્ને દિવસો સમાવિષ્ટ) દરમ્યાન જે કર્મચારીની નિમણૂંક અથવા બઢતી અથવા ઉચ્ચત્તર પગારધોરણ યોજના અન્વયે નાણાકીય વધારો થયેલ હોઇ તેઓને ઇજાફો ૧લી જાન્યુઆરીએ ગણાશે અને

**જુલાઇમાં ઇજાફો :**

૨જી જુલાઇ થી ૧લી જાન્યુ. (બન્ને દિવસો સમાવિષ્ટ) દરમ્યાન જે કર્મચારીની નિમણૂંક અથવા બઢતી અથવા ઉચ્ચત્તર પગારધોરણ યોજના અન્વયે નાણાકીય વધારો થયેલ હોઇ તેઓને ઇજાફો ૧લી જુલાઇએ ગણાશે.

**ઉદાહરણ :**

(a) એવા કર્મચારી કે જેમની નિમણૂંક અથવા સામાન્ય ક્રમ મુજબની બઢતી અથવા ઉચ્ચત્તર પગારધોરણ યોજના અન્વયે નાણાકીય વધારો તા. ૦૨-૦૭-૨૦૧૬ અને તા. ૦૧-૦૧-૨૦૧૭ વચ્ચે થયેલ હોઇ તેઓને પ્રથમ ઇજાફો તા. ૦૧-૦૭-૨૦૧૭નાં રોજ થશે અને તેના એક વર્ષ બાદ વાર્ષિક ધોરણે મળશે.

(b) એવા કર્મચારી કે જેમની નિમણૂંક અથવા સામાન્ય ક્રમ મુજબની બઢતી અથવા ઉચ્ચત્તર પગારધોરણ યોજના અન્વયે નાણાકીય વધારો તા. ૦૨-૦૧-૨૦૧૬ અને તા. ૦૧-૦૭-૨૦૧૭ વચ્ચે થયેલ હોઇ તેઓને પ્રથમ ઇજાફો તા. ૦૧-૦૧-૨૦૧૭નાં રોજ થશે અને તેના એક વર્ષ બાદ વાર્ષિક ધોરણે મળશે.

**સુધારેલ પગાર ધોરણમાં તા. ૦૧-૦૧-૨૦૧૬ પછી પહેલી વખતનો ઇજાફો :**

પરંતુ, જે કર્મચારીનો પગાર સુધારેલ પગાર ધોરણમાં ૧લી જાન્યુઆરીએ પગાર નક્કી થયો હોય તેનો ત્યાર પછીનો ઇજાફો અનુરૂપ કક્ષામાં તા. ૦૧-૦૧-૨૦૧૬નાં જે પગાર નક્કી થયો તે કક્ષામાં તા. ૦૧-૦૭-૨૦૧૬નાં રોજ મળશે.

વધુમાં તા. ૦૧-૦૭-૨૦૧૬નાં પ્રથમ ઇજાફો મળ્યા બાદ ત્યારબાદનો ઇજાફો તા. ૦૧-૦૭-૨૦૧૭નાં રોજ મળશે.

**૧૧. તા. ૦૧-૦૧-૨૦૧૬ બાદ પગાર સુધારણા અંગે :**

જ્યારે કોઇ કર્મચારી તેમનો પગાર વિદ્યમાન પગારધોરણમાં લેવાનું ચાલુ રાખે અને તા. ૦૧-૦૧-૨૦૧૬ પછીની તારીખથી સુધારેલ પગારધોરણ લે ત્યારે તેનો પગાર નિયમ-૭નાં પેટા નિયમ-(૧)નાં (A) મુજબ નક્કી થશે.

**૧૨. તા. ૦૧-૦૧-૨૦૧૬નાં રોજ કે ત્યારબાદ બઢતી અથવા ઉચ્ચત્તર પગાર ધોરણ યોજના અન્વયે પગારમાં નાણાકીય સુધારા સમયે પગાર બાંધણી :** સુધારેલ પગારધોરણમાં એક કક્ષામાંથી બીજી કક્ષામાં બઢતી સમયે નીચે દર્શાવેલ પદ્ધતિએ પગારબાંધણી કરવાની રહેશે.

i. જે કક્ષામાંથી બઢતી મળતી હોય તે કક્ષામાં એક ઇજાફો મળશે અને એ રીતે જે રકમ આવે તેટલી રકમનાં જે કક્ષામાં બઢતી મળતી હોય તે કક્ષાનાં એકમ (સેલ)માં મુકવામાં આવશે અને જો આવો કોઇ એકમ ઉપલબ્ધ ન હોય તો તુરત જ ઉંચી રકમનાં એકમ (સેલ)માં મુકવામાં આવશે.

M N Rathod ATO-Gondal

**ઉદાહરણ :**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **૧** | **સુધારેલ પગાર માળખામાં કક્ષા : કક્ષા-૪** | **પે-બેન્ડ** | **૫૨૦૦-૨૦૨૦૦** | | | | |
| **૨** | સુધારેલ પગારમાં મૂળ પગાર | ગ્રેડ-પે | ૧૮૦૦ | ૧૯૦૦ | ૨૦૦૦ | **૨૪૦૦** | **૨૮૦૦** |
| **૩** | ઉચ્ચત્તર પગારધોરણ યોજના અન્વયે મંજૂર થયેલ નાણાકીય વધારો:કક્ષા-૫ | કક્ષા (લેવલ) | ૧ | ૨ | ૩ | **૪** | **૫** |
| **૪** | કક્ષા-૪માં એક ઇજાફો આપ્યા બાદનો પગાર : ૨૯૬૦૦ | ૧ | ૧૮૦૦૦ | ૧૯૯૦૦ | ૨૧૭૦૦ | ૨૫૫૦૦ | ૨૯૨૦૦ |
| **૫** | ઉપર લઇ ગયેલ કક્ષામાં પગાર લેવલ-૫ : ૩૦૧૦૦ (૨૯૬૦૦ જેટલો અથવા તેનાથી ઉપરની તુરતની કક્ષા-૫માંની રકમ) | ૨ | ૧૮૫૦૦ | ૨૦૫૦૦ | ૨૨૪૦૦ | ૨૬૩૦ | **૩૦૧૦૦** |
| | | ૩ | ૧૯૧૦૦ | ૨૧૧૦૦ | ૨૩૧૦૦ | ૨૭૧૦૦ | ૩૧૦૦૦ |
| | | ૪ | ૧૯૭૦૦ | ૨૧૭૦૦ | ૨૩૮૦૦ | ૨૭૯૦૦ | ૩૧૯૦૦ |
| | | ૫ | ૨૦૩૦૦ | ૨૨૪૦૦ | ૨૪૫૦૦ | **૨૮૭૦૦** | ૩૨૯૦૦ |
| | | ૬ | ૨૦૯૦૦ | ૨૩૧૦૦ | ૨૫૨૦૦ | **૨૯૬૦૦** | ૩૩૯૦૦ |
| | | ૭ | ૨૧૫૦૦ | ૨૩૮૦૦ | ૨૬૦૦૦ | ૩૦૫૦૦ | ૩૪૯૦૦ |

ii. **NPPA મેળવતા કર્મચારીઓનાં NPPAની મર્યાદા :** એવા કર્મચારીઓ કે જેઓ 'ખાનગી વ્યવસાય બંધી વળતર ભથ્થુ – NPPA' મેળવે છે તેઓના (મૂળ પગાર + NPPA) સુધારેલ પગાર માળખા મુજબ તેમના મૂળ પગાર અને સર્વોચ્ચ તથા મુખ્ય સચિવશ્રીની કક્ષાનાં પગારની સરેરાશ કરતા વધુ ન હોવા જોઇએ.

**૧૩. પગારની ચઢત રકમની ચૂકવણી :** ચઢત રકમની ચૂકવણી કેવી રીતે કરવી તે અંગેનો નિર્ણય પછી કરાશે અને તે અંગે અલગથી હુકમો કરવામાં આવશે.

સ્પષ્ટીકરણ : આ નિયમોનાં હેતુ સરકારી કર્મચારીઓને 'ચઢત રકમ-એરીયર્સ' એટલે કે નીચે મુજબનો તફાવત –

i. આ નિયમો અન્વયે પગાર અને મોંઘવારી ભથ્થાની અનુરૂપ સમયગાળા માટે પગાર સુધારણાને કારણે એકત્રિત રકમ કે જે મળવવા હક્કદાર છે તે અને

ii. પગાર અને મોંઘવારી ભથ્થા એવી રીતે સુધારવામાં આવ્ય ન હોત તો, તે મુદ્દત માટે તે જે પગાર અને મોંઘવારી ભથ્થા (આવો પગાર અને ભથ્થા મળેલા હોય કે ન હોય તો પણ) મેળવવા હક્કદાર થાય તેની એકંદર રકમ.

**૧૪. નિયમોની ચઢિયાતી અસર :**

આ નિયમો હેઠળ પગાર નિયમિત કરવામાં આવે તે કિસ્સામાં, ગુજરાત મુલ્કી સેવા નિયમ, ૨૦૦૨; ગુજરાત મુલ્કી સેવા (પગાર સુધારણા) નિયમો, ૧૯૬૧; ગુજરાત મુલ્કી સેવા (પગાર સુધારણા) નિયમો, ૧૯૬૯; ગુજરાત મુલ્કી સેવા (પગાર સુધારણા) નિયમો, ૧૯૭૫; ગુજરાત મુલ્કી સેવા (પગાર સુધારણા) નિયમો, ૧૯૮૭; ગુજરાત મુલ્કી સેવા (પગાર સુધારણા) નિયમો, ૧૯૯૮ અને ગુજરાત મુલ્કી સેવ (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ની જોગવાઇઓ, આ નિયમોમાં અન્યથા જોગવાઇ કરી હોય તે સિવાય, જેટલે સુધી તે આ નિયમો સાથે અસંગત હોય તેટલે સુધી લાગુ પડશે નહીં.

M N Rathod ATO-Gondal

**૧૫. છૂટછાટ મુકવાની સત્તા :**

સરકારને એવી ખાતરી થાય કે આ નિયમોની તમામ અથવા તે પૈકીની કોઇ જોગવાઇનો અમલ કરવાથી કોઇ ચોક્કસ કિસ્સામાં અયોગ્ય હાડમારી થાય છે, ત્યારે તે, હુકમ કરીને આવા કિસ્સાની વાજબી અને ન્યાયી રીતે તજવીજ કરવા માટે પોતાને જરૂરી જણાય તેટલે સુધી અને તેવી શરતોને અધીન રહીને, તે નિયમની આવશ્યકતાઓ વિના ચલાવી લઇ શકશે અથવા તેમાં છૂટછાટ મુકી શકશે.

**૧૬. અર્થઘટન :** આ નિયમોની જોગવાઇઓ પૈકીની કોઇપણ જોગવાઇનાં અર્થઘટનને લગતો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તે પ્રશ્ન નિર્ણય અર્થે સરકારને લખી જણાવવામાં આવશે.

M N Rathod ATO-Gondal

# જોડાણ – ૧

નમૂનો ક્રમ – ૧

# વિકલ્પનો નમૂનો

(જૂઓ નિયમ-૬)

*૧. હું. ................................................................ આથી, વર્ષ ૨૦૧૬નાં જાન્યુઆરી માસની ૧લી તારીખથી સુધારેલુ પગાર માળખાનો વિકલ્પ પસંદ કરૂં છું.

*૨. હું ................................................................ આથી, નીચે જણાવેલી મુદ્દત સુધી, મારી કાયમી / કાર્યકારી જગ્યાનાં વિદ્યમાન પગાર ધોરણમાં પગાર લેવાનું ચાલુ રાખવાનું પસંદ કરૂં છું.

→ મારા આગામી ઇજાફાની તા................... સુધી

→ મારા ત્યારબાદનાં ઇજાફાની તા................... સુધી

મારો પગાર ₹......................... સુધી વધારતા,

હું વિદ્યમાન પગારધોરણમાં પગાર લેવાનું છોડી દઉ છું અથવા બંધ કરૂં છું.

......................... જગ્યામાં મારી બઢતીની તા............................

મારો વિદ્યમાન પે બેન્ડમાંનો પગાર અને ગ્રેડ-પે : ₹..........................

સહી : ..............................................

સ્થળ : નામ : ..............................................

તા......................... હોદ્દો : ..............................................

* = લાગુ પડતુ ન હોઇ તે છેકી નાંખવું. જ્યાં ફરજ બજાવતા હોય તે કચેરી

મારા રૂબરૂ

કચેરીનાં વડાની સહી (બિનરાજ્યપત્રિત સરકારી કર્મચારીનાં કિસ્સામાં)

અન્ય રાજ્યપત્રિત અધિકારીની સહી (રાજ્યપત્રિત અધિકારીનાં કિસ્સામાં)

---

ઉપરનો એકરાર મળ્યો છે.

સહી :

પગાર અને હિસાબ અધિકારી / કચેરીનાં વડા

M N Rathod ATO-Gondal

# જોડાણ – ૨
# બાંહેધરી

હું આથી બાંહેધરી આપું છું કે, આ નિયમોમાં કરેલ જોગવાઇથી વિરૂદ્ધ મારો પગાર નક્કી થવાનાં કિસ્સામાં હવે પછી ધ્યાન પર આવે અને તેમાં જો વધારે ચૂકવણું થયેલ હશે તો તે પછી ભવિષ્યમાં મળનાર ચૂકવણા સામે સરભર કરવાથી કે અન્ય રીતે હું સરકારને પરત ચૂકવીશ.

સહી : ..............................................

સ્થળ :

નામ : ..............................................

તા...........................

હોદ્દો : ..............................................

જ્યાં ફરજ બજાવતા હોય તે કચેરી

મારા રૂબરૂ

કચેરીનાં વડાની સહી (બિનરાજ્યપત્રિત સરકારી કર્મચારીનાં કિસ્સામાં)

અન્ય રાજ્યપત્રિત અધિકારીની સહી (રાજ્યપત્રિત અધિકારીનાં કિસ્સામાં)

M N Rathod ATO-Gondal

# પરિશિષ્ટ

[જૂઓ નિયમ-3(vii) અને ૭]

ભાગ-ક

# પે મેટ્રીક્સ (કક્ષા-આઇએસ-૧ થી ૫)

| પે બેન્ડ | 4440-7440 | | | 5200-20200 | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગ્રેડ-પે | 1300 | 1400 | 1650 | 1800 | 1900 | 2000 | 2400 | 2800 |
| કક્ષા→ એકમ ↓ | આઇએસ-1 | આઇએસ-2 | આઇએસ-3 | 1 | 2 | 3 | 4 | 5 |
| 1. | 14800 | 15000 | 15700 | 18000 | 19900 | 21700 | 25500 | 29200 |
| 2. | 15200 | 15500 | 16200 | 18500 | 20500 | 22400 | 26300 | 30100 |
| 3. | 15700 | 16000 | 16700 | 19100 | 21100 | 23100 | 27100 | 31000 |
| 4. | 16200 | 16500 | 17200 | 19700 | 21700 | 23800 | 27900 | 31900 |
| 5. | 16700 | 17000 | 17700 | 20300 | 22400 | 24500 | 28700 | 32900 |
| 6. | 17200 | 17500 | 18200 | 20900 | 23100 | 25200 | 29600 | 33900 |
| 7. | 17700 | 18000 | 18700 | 21500 | 23800 | 26000 | 30500 | 34900 |
| 8. | 18200 | 18500 | 19300 | 22100 | 24500 | 26800 | 31400 | 35900 |
| 9. | 18700 | 19100 | 19900 | 22800 | 25200 | 27600 | 32300 | 37000 |
| 10. | 19300 | 19700 | 20500 | 23500 | 26000 | 28400 | 33300 | 38100 |
| 11. | 19900 | 20300 | 21100 | 24200 | 26800 | 29300 | 34300 | 39200 |
| 12. | 20500 | 20900 | 21700 | 24900 | 27600 | 30200 | 35300 | 40400 |
| 13. | 21100 | 21500 | 22400 | 25600 | 28400 | 31100 | 36400 | 41600 |
| 14. | 21700 | 22100 | 23100 | 26400 | 29300 | 32000 | 37500 | 42800 |
| 15. | 22400 | 22800 | 23800 | 27200 | 30200 | 33000 | 38600 | 44100 |
| 16. | 23100 | 23500 | 24500 | 28000 | 31100 | 34000 | 39800 | 45400 |
| 17. | 23800 | 24200 | 25200 | 28800 | 32000 | 35000 | 41000 | 46800 |
| 18. | 24500 | 24900 | 26000 | 29700 | 33000 | 36100 | 42200 | 48200 |
| 19. | 25200 | 25600 | 26800 | 30600 | 34000 | 37200 | 43500 | 49600 |
| 20. | 26000 | 26400 | 27600 | 31500 | 35000 | 38300 | 44800 | 51100 |
| 21. | 26800 | 27200 | 28400 | 32400 | 36100 | 39400 | 46100 | 52600 |
| 22. | 27600 | 28000 | 29300 | 33400 | 37200 | 40600 | 47500 | 54200 |
| 23. | 28400 | 28800 | 30200 | 34400 | 38300 | 41800 | 48900 | 55800 |
| 24. | 29300 | 29700 | 31100 | 35400 | 39400 | 43100 | 50400 | 57500 |
| 25. | 30200 | 30600 | 32000 | 36500 | 40600 | 44400 | 51900 | 59200 |
| 26. | 31100 | 31500 | 33000 | 37600 | 41800 | 45700 | 53500 | 61000 |
| 27. | 32000 | 32400 | 34000 | 38700 | 43100 | 47100 | 55100 | 62800 |
| 28. | 33000 | 33400 | 35000 | 39000 | 44400 | 48500 | 56800 | 64700 |
| 29. | 34000 | 34400 | 36100 | 41100 | 45700 | 50000 | 58500 | 66600 |
| 30. | 35000 | 35400 | 37200 | 42300 | 47100 | 51500 | 60300 | 68600 |
| 31. | 36100 | 36500 | 38300 | 43600 | 48500 | 53000 | 62100 | 70700 |
| 32. | 37200 | 37600 | 39400 | 44900 | 50000 | 54600 | 64000 | 72800 |
| 33. | 38300 | 38700 | 40600 | 46200 | 51500 | 56200 | 65900 | 75000 |
| 34. | 39400 | 39900 | 41800 | 47600 | 53000 | 57900 | 67900 | 77300 |
| 35. | 40600 | 41100 | 43100 | 49000 | 54600 | 59600 | 69900 | 79600 |
| 36. | 41800 | 42300 | 44400 | 50500 | 56200 | 61400 | 72000 | 82000 |
| 37. | 43100 | 43600 | 45700 | 52000 | 57900 | 63200 | 74200 | 84500 |
| 38. | 44400 | 44900 | 47100 | 53600 | 59600 | 65100 | 76400 | 87000 |
| 39. | 45700 | 46200 | 48500 | 55200 | 61400 | 67100 | 78700 | 89600 |
| 40. | 47100 | 47600 | 50000 | 56900 | 63200 | 69100 | 81100 | 92300 |

## પરિશિષ્ટ

**[જૂઓ નિયમ-3(vii) અને ૭]**

**ભાગ-ક**

# પે મેટ્રીક્સ (કક્ષા-૧ થી ૯)

| પે બેન્ડ | 5200-20200 | | | | | 9300-34800 | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ્રેડ-પે | 1800 | 1900 | 2000 | 2400 | 2800 | 4200 | 4400 | 4600 | 5400 |
| કક્ષા→ એકમ ↓ | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9@ |
| 1. | 18000 | 19900 | 21700 | 25500 | 29200 | 35400 | 39900 | 44900 | 53100 |
| 2. | 18500 | 20500 | 22400 | 26300 | 30100 | 36500 | 41100 | 46200 | 54700 |
| 3. | 19100 | 21100 | 23100 | 27100 | 31000 | 37600 | 42300 | 47600 | 56300 |
| 4. | 19700 | 21700 | 23800 | 27900 | 31900 | 38700 | 43600 | 49000 | 58000 |
| 5. | 20300 | 22400 | 24500 | 28700 | 32900 | 39900 | 44900 | 50500 | 59700 |
| 6. | 20900 | 23100 | 25200 | 29600 | 33900 | 41100 | 46200 | 52000 | 61500 |
| 7. | 21500 | 23800 | 26000 | 30500 | 34900 | 42300 | 47600 | 53600 | 63300 |
| 8. | 22100 | 24500 | 26800 | 31400 | 35900 | 43600 | 49000 | 55200 | 65200 |
| 9. | 22800 | 25200 | 27600 | 32300 | 37000 | 44900 | 50500 | 56900 | 67200 |
| 10. | 23500 | 26000 | 28400 | 33300 | 38100 | 46200 | 52000 | 58600 | 69200 |
| 11. | 24200 | 26800 | 29300 | 34300 | 39200 | 47600 | 53600 | 60400 | 71300 |
| 12. | 24900 | 27600 | 30200 | 35300 | 40400 | 49000 | 55200 | 62200 | 73400 |
| 13. | 25600 | 28400 | 31100 | 36400 | 41600 | 50500 | 56900 | 64100 | 75600 |
| 14. | 26400 | 29300 | 32000 | 37500 | 42800 | 52000 | 58600 | 66000 | 77900 |
| 15. | 27200 | 30200 | 33000 | 38600 | 44100 | 53600 | 60400 | 68000 | 80200 |
| 16. | 28000 | 31100 | 34000 | 39800 | 45400 | 55200 | 62200 | 70000 | 82600 |
| 17. | 28800 | 32000 | 35000 | 41000 | 46800 | 56900 | 64100 | 72100 | 85100 |
| 18. | 29700 | 33000 | 36100 | 42200 | 48200 | 58600 | 66000 | 74300 | 87700 |
| 19. | 30600 | 34000 | 37200 | 43500 | 49600 | 60400 | 68000 | 76500 | 90300 |
| 20. | 31500 | 35000 | 38300 | 44800 | 51100 | 62200 | 70000 | 78800 | 93000 |
| 21. | 32400 | 36100 | 39400 | 46100 | 52600 | 64100 | 72100 | 81200 | 95800 |
| 22. | 33400 | 37200 | 40600 | 47500 | 54200 | 66000 | 74300 | 83600 | 98700 |
| 23. | 34400 | 38300 | 41800 | 48900 | 55800 | 68000 | 76500 | 86100 | 101700 |
| 24. | 35400 | 39400 | 43100 | 50400 | 57500 | 70000 | 78800 | 88700 | 104800 |
| 25. | 36500 | 40600 | 44400 | 51900 | 59200 | 72100 | 81200 | 91400 | 107900 |
| 26. | 37600 | 41800 | 45700 | 53500 | 61000 | 74300 | 83600 | 94100 | 111100 |
| 27. | 38700 | 43100 | 47100 | 55100 | 62800 | 76500 | 86100 | 96900 | 114400 |
| 28. | 39000 | 44400 | 48500 | 56800 | 64700 | 78800 | 88700 | 99800 | 117800 |
| 29. | 41100 | 45700 | 50000 | 58500 | 66600 | 81200 | 91400 | 102800 | 121300 |
| 30. | 42300 | 47100 | 51500 | 60300 | 68600 | 83600 | 94100 | 105900 | 124900 |
| 31. | 43600 | 48500 | 53000 | 62100 | 70700 | 86100 | 96900 | 109100 | 128600 |
| 32. | 44900 | 50000 | 54600 | 64000 | 72800 | 88700 | 99800 | 112400 | 132500 |
| 33. | 46200 | 51500 | 56200 | 65900 | 75000 | 91400 | 102800 | 115800 | 136500 |
| 34. | 47600 | 53000 | 57900 | 67900 | 77300 | 94100 | 105900 | 119300 | 140600 |
| 35. | 49000 | 54600 | 59600 | 69900 | 79600 | 96900 | 109100 | 122900 | 144800 |
| 36. | 50500 | 56200 | 61400 | 72000 | 82000 | 99800 | 112400 | 126600 | 149100 |
| 37. | 52000 | 57900 | 63200 | 74200 | 84500 | 102800 | 115800 | 130400 | 153600 |
| 38. | 53600 | 59600 | 65100 | 76400 | 87000 | 105900 | 119300 | 134300 | 158200 |
| 39. | 55200 | 61400 | 67100 | 78700 | 89600 | 109100 | 122900 | 138300 | 162900 |
| 40. | 56900 | 63200 | 69100 | 81100 | 92300 | 112400 | 126600 | 142400 | 167800 |

**@ = જો જગ્યા વર્ગ-૨ની હોય તો અનુરૂપ કક્ષા-૯.**

## પરિશિષ્ટ

**[જૂઓ નિયમ-3(vii) અને ૭]**

**ભાગ-ક**

# પે મેટ્રીક્સ (કક્ષા-૬ થી ૧૨)

| પે બેન્ડ | 9300-34800 | | | | 15600-39100 | | |
|---|---|---|---|---|---|---|---|
| ગ્રેડ-પે | **4200** | **4400** | **4600** | **5400** | **5400** | **6600** | **7600** |
| કક્ષા→ એકમ ↓ | 6 | 7 | 8 | 9@ | 10# | 11 | 12 |
| **1.** | 35400 | 39900 | 44900 | 53100 | 56100 | 67700 | 78800 |
| **2.** | 36500 | 41100 | 46200 | 54700 | 57800 | 69700 | 81200 |
| **3.** | 37600 | 42300 | 47600 | 56300 | 59500 | 71800 | 83600 |
| **4.** | 38700 | 43600 | 49000 | 58000 | 61300 | 74000 | 86100 |
| **5.** | 39900 | 44900 | 50500 | 59700 | 63100 | 76200 | 88700 |
| **6.** | 41100 | 46200 | 52000 | 61500 | 65000 | 78500 | 91400 |
| **7.** | 42300 | 47600 | 53600 | 63300 | 67000 | 80900 | 94100 |
| **8.** | 43600 | 49000 | 55200 | 65200 | 69000 | 83300 | 96900 |
| **9.** | 44900 | 50500 | 56900 | 67200 | 71100 | 85800 | 99800 |
| **10.** | 46200 | 52000 | 58600 | 69200 | 73200 | 88400 | 102800 |
| **11.** | 47600 | 53600 | 60400 | 71300 | 75400 | 91100 | 105900 |
| **12.** | 49000 | 55200 | 62200 | 73400 | 77700 | 93800 | 109100 |
| **13.** | 50500 | 56900 | 64100 | 75600 | 80000 | 96600 | 112400 |
| **14.** | 52000 | 58600 | 66000 | 77900 | 82400 | 99500 | 115800 |
| **15.** | 53600 | 60400 | 68000 | 80200 | 84900 | 102500 | 119300 |
| **16.** | 55200 | 62200 | 70000 | 82600 | 87400 | 105600 | 122900 |
| **17.** | 56900 | 64100 | 72100 | 85100 | 90000 | 108800 | 126600 |
| **18.** | 58600 | 66000 | 74300 | 87700 | 92700 | 112100 | 130400 |
| **19.** | 60400 | 68000 | 76500 | 90300 | 95500 | 115500 | 134300 |
| **20.** | 62200 | 70000 | 78800 | 93000 | 98400 | 119000 | 138300 |
| **21.** | 64100 | 72100 | 81200 | 95800 | 101400 | 122600 | 142400 |
| **22.** | 66000 | 74300 | 83600 | 98700 | 104400 | 126300 | 146700 |
| **23.** | 68000 | 76500 | 86100 | 101700 | 107500 | 130100 | 151100 |
| **24.** | 70000 | 78800 | 88700 | 104800 | 110700 | 134000 | 155600 |
| **25.** | 72100 | 81200 | 91400 | 107900 | 114000 | 138000 | 160300 |
| **26.** | 74300 | 83600 | 94100 | 111100 | 117400 | 142100 | 165100 |
| **27.** | 76500 | 86100 | 96900 | 114400 | 120900 | 146400 | 170100 |
| **28.** | 78800 | 88700 | 99800 | 117800 | 124500 | 150800 | 175200 |
| **29.** | 81200 | 91400 | 102800 | 121300 | 128200 | 155300 | 180500 |
| **30.** | 83600 | 94100 | 105900 | 124900 | 132000 | 160000 | 185900 |
| **31.** | 86100 | 96900 | 109100 | 128600 | 136000 | 164800 | 191500 |
| **32.** | 88700 | 99800 | 112400 | 132500 | 140100 | 169700 | 197200 |
| **33.** | 91400 | 102800 | 115800 | 136500 | 144300 | 174800 | 203100 |
| **34.** | 94100 | 105900 | 119300 | 140600 | 148600 | 180000 | 209200 |
| **35.** | 96900 | 109100 | 122900 | 144800 | 153100 | 185400 | |
| **36.** | 99800 | 112400 | 126600 | 149100 | 157700 | 191000 | |
| **37.** | 102800 | 115800 | 130400 | 153600 | 162400 | 196700 | |
| **38.** | 105900 | 119300 | 134300 | 158200 | 167300 | 202600 | |
| **39.** | 109100 | 122900 | 138300 | 162900 | 172300 | 208700 | |
| **40.** | 112400 | 126600 | 142400 | 167800 | 177500 | | |

**# = જો જગ્યા વર્ગ-૧ની હોય તો અનુરૂપ કક્ષા-૧૦.**

# પરિશિષ્ટ

**[જૂઓ નિયમ-3(vii) અને ૭]**

**ભાગ-ક**

# પે મેટ્રીક્સ (કક્ષા-૧૦ થી ૧૬)

| પે બેન્ડ | 15600-39100 | | | 37400-67000 | | | 67000-79000 | 80000 |
|---|---|---|---|---|---|---|---|---|
| ગ્રેડ-પે | 5400 | 6600 | 7600 | 8700 | 8900 | 10000 | HAG | CS |
| કક્ષા→ એકમ ↓ | 10# | 11 | 12 | 13* | 13A | 14 | 15 | 16 |
| 1. | 56100 | 67700 | 78800 | 123100 | 131100 | 144200 | 182200 | 225000 |
| 2. | 57800 | 69700 | 81200 | 126800 | 135000 | 148500 | 187700 | |
| 3. | 59500 | 71800 | 83600 | 130600 | 139100 | 153000 | 193300 | |
| 4. | 61300 | 74000 | 86100 | 134500 | 143300 | 157600 | 199100 | |
| 5. | 63100 | 76200 | 88700 | 138500 | 147600 | 162300 | 205100 | |
| 6. | 65000 | 78500 | 91400 | 142700 | 152000 | 167200 | 211300 | |
| 7. | 67000 | 80900 | 94100 | 147000 | 156600 | 172200 | 217600 | |
| 8. | 69000 | 83300 | 96900 | 151400 | 161300 | 177400 | 224100 | |
| 9. | 71100 | 85800 | 99800 | 155900 | 166100 | 182700 | | |
| 10. | 73200 | 88400 | 102800 | 160600 | 171100 | 188200 | | |
| 11. | 75400 | 91100 | 105900 | 165400 | 176200 | 193800 | | |
| 12. | 77700 | 93800 | 109100 | 170400 | 181500 | 199600 | | |
| 13. | 80000 | 96600 | 112400 | 175500 | 186900 | 205600 | | |
| 14. | 82400 | 99500 | 115800 | 180800 | 192500 | 211800 | | |
| 15. | 84900 | 102500 | 119300 | 186200 | 198300 | 218200 | | |
| 16. | 87400 | 105600 | 122900 | 191800 | 204200 | | | |
| 17. | 90000 | 108800 | 126600 | 197600 | 210300 | | | |
| 18. | 92700 | 112100 | 130400 | 203500 | 216600 | | | |
| 19. | 95500 | 115500 | 134300 | 209600 | | | | |
| 20. | 98400 | 119000 | 138300 | 215900 | | | | |
| 21. | 101400 | 122600 | 142400 | | | | | |
| 22. | 104400 | 126300 | 146700 | | | | | |
| 23. | 107500 | 130100 | 151100 | | | | | |
| 24. | 110700 | 134000 | 155600 | | | | | |
| 25. | 114000 | 138000 | 160300 | | | | | |
| 26. | 117400 | 142100 | 165100 | | | | | |
| 27. | 120900 | 146400 | 170100 | | | | | |
| 28. | 124500 | 150800 | 175200 | | | | | |
| 29. | 128200 | 155300 | 180500 | | | | | |
| 30. | 132000 | 160000 | 185900 | | | | | |
| 31. | 136000 | 164800 | 191500 | | | | | |
| 32. | 140100 | 169700 | 197200 | | | | | |
| 33. | 144300 | 174800 | 203100 | | | | | |
| 34. | 148600 | 180000 | 209200 | | | | | |
| 35. | 153100 | 185400 | | | | | | |
| 36. | 157700 | 191000 | | | | | | |
| 37. | 162400 | 196700 | | | | | | |
| 38. | 167300 | 202600 | | | | | | |
| 39. | 172300 | 208700 | | | | | | |
| 40. | 177500 | | | | | | | |

**# = જો જગ્યા વર્ગ-૧ની હોય તો અનુરૂપ કક્ષા-૧૦.**

*** = નાણા વિભાગનાં ઠરાવ ક્રમાંક- પગર/૧૦૨૦૦૭/ઓ-૩૨૦ / પે સેલ, તા. ૧૬-૦૨-૨૦૧૮ મુજબ પગાર સુધારો સમાવિષ્ટ કરેલ છે.**

# પરિશિષ્ટ

**[જૂઓ નિયમ-3(vii) અને ૭]**

**ભાગ-ક**

| પે બેન્ડ | 4440-7440 | | | 5200-20200 | | | | | 9300-34800 | | | | 15600-39100 | | | 37400-67000 | | | 67000-79000 | 80000 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ્રેડ-પે | 1300 | 1400 | 1650 | 1800 | 1900 | 2000 | 2400 | 2800 | 4200 | 4400 | 4600 | 5400 | 5400 | 6600 | 7600 | 8700 | 8900 | 10000 | HAG | CS |
| કક્ષા→<br>એકમ ↓ | આઇએસ-1 | આઇએસ-2 | આઇએસ-3 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9@ | 10# | 11 | 12 | 13* | 13A | 14 | 15 | 16 |
| 1. | 14800 | 15000 | 15700 | 18000 | 19900 | 21700 | 25500 | 29200 | 35400 | 39900 | 44900 | 53100 | 56100 | 67700 | 78800 | 123100 | 131100 | 144200 | 182200 | 225000 |
| 2. | 15200 | 15500 | 16200 | 18500 | 20500 | 22400 | 26300 | 30100 | 36500 | 41100 | 46200 | 54700 | 57800 | 69700 | 81200 | 126800 | 135000 | 148500 | 187700 | |
| 3. | 15700 | 16000 | 16700 | 19100 | 21100 | 23100 | 27100 | 31000 | 37600 | 42300 | 47600 | 56300 | 59500 | 71800 | 83600 | 130600 | 139100 | 153000 | 193300 | |
| 4. | 16200 | 16500 | 17200 | 19700 | 21700 | 23800 | 27900 | 31900 | 38700 | 43600 | 49000 | 58000 | 61300 | 74000 | 86100 | 134500 | 143300 | 157600 | 199100 | |
| 5. | 16700 | 17000 | 17700 | 20300 | 22400 | 24500 | 28700 | 32900 | 39900 | 44900 | 50500 | 59700 | 63100 | 76200 | 88700 | 138500 | 147600 | 162300 | 205100 | |
| 6. | 17200 | 17500 | 18200 | 20900 | 23100 | 25200 | 29600 | 33900 | 41100 | 46200 | 52000 | 61500 | 65000 | 78500 | 91400 | 142700 | 152000 | 167200 | 211300 | |
| 7. | 17700 | 18000 | 18700 | 21500 | 23800 | 26000 | 30500 | 34900 | 42300 | 47600 | 53600 | 63300 | 67000 | 80900 | 94100 | 147000 | 156600 | 172200 | 217600 | |
| 8. | 18200 | 18500 | 19300 | 22100 | 24500 | 26800 | 31400 | 35900 | 43600 | 49000 | 55200 | 65200 | 69000 | 83300 | 96900 | 151400 | 161300 | 177400 | 224100 | |
| 9. | 18700 | 19100 | 19900 | 22800 | 25200 | 27600 | 32300 | 37000 | 44900 | 50500 | 56900 | 67200 | 71100 | 85800 | 99800 | 155900 | 166100 | 182700 | | |
| 10. | 19300 | 19700 | 20500 | 23500 | 26000 | 28400 | 33300 | 38100 | 46200 | 52000 | 58600 | 69200 | 73200 | 88400 | 102800 | 160600 | 171100 | 188200 | | |
| 11. | 19900 | 20300 | 21100 | 24200 | 26800 | 29300 | 34300 | 39200 | 47600 | 53600 | 60400 | 71300 | 75400 | 91100 | 105900 | 165400 | 176200 | 193800 | | |
| 12. | 20500 | 20900 | 21700 | 24900 | 27600 | 30200 | 35300 | 40400 | 49000 | 55200 | 62200 | 73400 | 77700 | 93800 | 109100 | 170400 | 181500 | 199600 | | |
| 13. | 21100 | 21500 | 22400 | 25600 | 28400 | 31100 | 36400 | 41600 | 50500 | 56900 | 64100 | 75600 | 80000 | 96600 | 112400 | 175500 | 186900 | 205600 | | |
| 14. | 21700 | 22100 | 23100 | 26400 | 29300 | 32000 | 37500 | 42800 | 52000 | 58600 | 66000 | 77900 | 82400 | 99500 | 115800 | 180800 | 192500 | 211800 | | |
| 15. | 22400 | 22800 | 23800 | 27200 | 30200 | 33000 | 38600 | 44100 | 53600 | 60400 | 68000 | 80200 | 84900 | 102500 | 119300 | 186200 | 198300 | 218200 | | |
| 16. | 23100 | 23500 | 24500 | 28000 | 31100 | 34000 | 39800 | 45400 | 55200 | 62200 | 70000 | 82600 | 87400 | 105600 | 122900 | 191800 | 204200 | | | |
| 17. | 23800 | 24200 | 25200 | 28800 | 32000 | 35000 | 41000 | 46800 | 56900 | 64100 | 72100 | 85100 | 90000 | 108800 | 126600 | 197600 | 210300 | | | |
| 18. | 24500 | 24900 | 26000 | 29700 | 33000 | 36100 | 42200 | 48200 | 58600 | 66000 | 74300 | 87700 | 92700 | 112100 | 130400 | 203500 | 216600 | | | |
| 19. | 25200 | 25600 | 26800 | 30600 | 34000 | 37200 | 43500 | 49600 | 60400 | 68000 | 76500 | 90300 | 95500 | 115500 | 134300 | 209600 | | | | |
| 20. | 26000 | 26400 | 27600 | 31500 | 35000 | 38300 | 44800 | 51100 | 62200 | 70000 | 78800 | 93000 | 98400 | 119000 | 138300 | 215900 | | | | |

| પે બેન્ડ | 4440-7440 | | | 5200-20200 | | | | | 9300-34800 | | | | 15600-39100 | | | 37400-67000 | | | 67000-79000 | 80000 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ્રેડ-પે | 1300 | 1400 | 1650 | 1800 | 1900 | 2000 | 2400 | 2800 | 4200 | 4400 | 4600 | 5400 | 5400 | 6600 | 7600 | 8700 | 8900 | 10000 | HAG | CS |
| કક્ષા→ એકમ ↓ | આઇએસ-1 | આઇએસ-2 | આઇએસ-3 | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9@ | 10# | 11 | 12 | 13* | 13A | 14 | 15 | 16 |
| 21. | 26800 | 27200 | 28400 | 32400 | 36100 | 39400 | 46100 | 52600 | 64100 | 72100 | 81200 | 95800 | 101400 | 122600 | 142400 | | | | | |
| 22. | 27600 | 28000 | 29300 | 33400 | 37200 | 40600 | 47500 | 54200 | 66000 | 74300 | 83600 | 98700 | 104400 | 126300 | 146700 | | | | | |
| 23. | 28400 | 28800 | 30200 | 34400 | 38300 | 41800 | 48900 | 55800 | 68000 | 76500 | 86100 | 101700 | 107500 | 130100 | 151100 | | | | | |
| 24. | 29300 | 29700 | 31100 | 35400 | 39400 | 43100 | 50400 | 57500 | 70000 | 78800 | 88700 | 104800 | 110700 | 134000 | 155600 | | | | | |
| 25. | 30200 | 30600 | 32000 | 36500 | 40600 | 44400 | 51900 | 59200 | 72100 | 81200 | 91400 | 107900 | 114000 | 138000 | 160300 | | | | | |
| 26. | 31100 | 31500 | 33000 | 37600 | 41800 | 45700 | 53500 | 61000 | 74300 | 83600 | 94100 | 111100 | 117400 | 142100 | 165100 | | | | | |
| 27. | 32000 | 32400 | 34000 | 38700 | 43100 | 47100 | 55100 | 62800 | 76500 | 86100 | 96900 | 114400 | 120900 | 146400 | 170100 | | | | | |
| 28. | 33000 | 33400 | 35000 | 39000 | 44400 | 48500 | 56800 | 64700 | 78800 | 88700 | 99800 | 117800 | 124500 | 150800 | 175200 | | | | | |
| 29. | 34000 | 34400 | 36100 | 41100 | 45700 | 50000 | 58500 | 66600 | 81200 | 91400 | 102800 | 121300 | 128200 | 155300 | 180500 | | | | | |
| 30. | 35000 | 35400 | 37200 | 42300 | 47100 | 51500 | 60300 | 68600 | 83600 | 94100 | 105900 | 124900 | 132000 | 160000 | 185900 | | | | | |
| 31. | 36100 | 36500 | 38300 | 43600 | 48500 | 53000 | 62100 | 70700 | 86100 | 96900 | 109100 | 128600 | 136000 | 164800 | 191500 | | | | | |
| 32. | 37200 | 37600 | 39400 | 44900 | 50000 | 54600 | 64000 | 72800 | 88700 | 99800 | 112400 | 132500 | 140100 | 169700 | 197200 | | | | | |
| 33. | 38300 | 38700 | 40600 | 46200 | 51500 | 56200 | 65900 | 75000 | 91400 | 102800 | 115800 | 136500 | 144300 | 174800 | 203100 | | | | | |
| 34. | 39400 | 39900 | 41800 | 47600 | 53000 | 57900 | 67900 | 77300 | 94100 | 105900 | 119300 | 140600 | 148600 | 180000 | 209200 | | | | | |
| 35. | 40600 | 41100 | 43100 | 49000 | 54600 | 59600 | 69900 | 79600 | 96900 | 109100 | 122900 | 144800 | 153100 | 185400 | | | | | | |
| 36. | 41800 | 42300 | 44400 | 50500 | 56200 | 61400 | 72000 | 82000 | 99800 | 112400 | 126600 | 149100 | 157700 | 191000 | | | | | | |
| 37. | 43100 | 43600 | 45700 | 52000 | 57900 | 63200 | 74200 | 84500 | 102800 | 115800 | 130400 | 153600 | 162400 | 196700 | | | | | | |
| 38. | 44400 | 44900 | 47100 | 53600 | 59600 | 65100 | 76400 | 87000 | 105900 | 119300 | 134300 | 158200 | 167300 | 202600 | | | | | | |
| 39. | 45700 | 46200 | 48500 | 55200 | 61400 | 67100 | 78700 | 89600 | 109100 | 122900 | 138300 | 162900 | 172300 | 208700 | | | | | | |
| 40. | 47100 | 47600 | 50000 | 56900 | 63200 | 69100 | 81100 | 92300 | 112400 | 126600 | 142400 | 167800 | 177500 | | | | | | | |

**#  =  જો જગ્યા વર્ગ-૧ની હોય તો અનુરૂપ કક્ષા-૧૦.**

**@  =  જો જગ્યા વર્ગ-૨ની હોય તો અનુરૂપ કક્ષા-૯.**

***  =  નાણા વિભાગનાં ઠરાવ ક્રમાંક- પગર/૧૦૨૦૦૭/ઓ-૩૨૦ / પે સેલ, તા. ૧૬-૦૨-૨૦૧૮ મુજબ પગાર સુધારો સમાવિષ્ટ કરેલ છે.**

# ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ની સ્પષ્ટીકરણાત્મક યાદી

નિયમ-૧ આ નિયમ સ્વયંસ્પષ્ટ છે.

નિયમ-૨ જેઓને આ નિયમ લાગુ પડતા હોય તેવા કર્મચારીઓનો વર્ગ આ નિયમથી સ્પષ્ટ કરેલ છે. ભાગ-(૨) હેઠળ બાકાત રાખેલા વર્ગો માટે હોય તે સિવાય આ નિયમો ગુજરાત રાજ્યનાં કામકાજ સાથે સંબંધ ધરાવતી રાજ્ય સેવાઓ અને જગ્યાઓ ઉપર નિમાયેલી તમામ વ્યક્તિઓનેલાગુ પડે છે.

પરંતુ, ભરતી નિયમો અન્વયે સીધી ભરતીની સેવામાં ભરતી થયેલા હોય અને શરૂઆતનો ચોક્કસ વર્ષોનો સમયગાળો બાંધેલા પગાર (ફીક્સ્ડ પે)માં હોય તેઓની પગાર બાંધણી ઉપર મુજબ જશે પરંતુ ભરતી નિયમોથી આવો બાંધ્યા પગાર (ફીક્સડ પે)નો નક્કી કરેલો ચોક્કસ સમયગાળો પૂર્ણ થાય બાદ.

નિયમ-૩ અને ૪ આ નિયમો સ્વયંસ્પષ્ટ છે.

નિયમ-૫ આ નિયમોનો હેતુ એ છે કે, વિદ્યમાન પગારધોરણમાં પગાર મેળવવાનું પસંદ કરે તે સિવાયનાં તમામ સરકારી કર્મચારીઓને, સુધારેલાપગાર માળખામાં લાવવા. જેઓએ વિદ્યમાન પગારધોરણમાં ચાલુ રહેવાનો વિકલ્પ વાપર્યો હોય તેઓ, વર્ષ ૨૦૧૬નાં જાન્યુઆરી માસની ૧લી તારીખે અમલમાં હોય તે દરે, મોંઘવારી ભથ્થુ ચાલુ રાખી શકશે. કોઇ કર્મચારી કાયમી હેસિયતથી કાયમી જગ્યા ધરાવતો હોય અને ઉપલી જગ્યામાં અવેજી ધોરણે કામગીરી બજાવતો હોય અથવા ડેપ્યુટેશન વગેરે ઉપર તે ન હોત, તો એક અથવા વધારે જગ્યાઓમાં અવેજી ધોરણે કામગીરી બજાવતો હોત, તો તેને એક પગાર ધોરણનાં સંબંધમાં માત્ર વિદ્યમાન પગારધોરણ રાખવાનો વિકલ્પ રહેશે. આવો સરકારી કર્મચરી કાયમી જગ્યા અથવા અવેજીની જગ્યાઓ પૈકી કોઇ જગ્યાને લાગુ પડતું વિદ્યમાન પગારધોરણ રાખી શકશે. બાકીની જગ્યાઓનાં સંબંધમાં તેને સુધારેલા પગારમાળખામાં લાવવાનું જરૂરી બનશે.

નિયમ-૬ આ નિયમો વિકલ્પ કઇ તારીખે ઉપયોગ કરવો અને ક્યા સત્તાધિકારીને આવા વિકલ્પની જાણ કરવી તે પણ ઠરાવે છે. વિકલ્પ આ નિયમોને જોડેલા યોગ્ય નમૂનામાં વાપરવાનો છે. એ ધ્યાને રાખવુ જોઇશે કે, કોઇ સરકારી કર્મચારી નિર્દિષ્ટ સમયમર્યાદાની અંદર વિકલ્પ ઉપયોગ કરે એટલું જ નહીં પણ તે સમયમર્યાદાની અંદર ઠરાવેલ સત્તાધિકારીને પહોંચે તે સુનિશ્ચિત કરવુ જોઇશે. આ નિયમો પ્રસિદ્ધ થાય તે સમયે ભારતની બહાર હોય તેવી વ્યક્તિઓનાં કિસ્સામાં ઉપયોગ કરવાનાં વિકલ્પની મુદ્દત, ભારતમાં જગ્યાનો હવાલો સંભાળ્યા તારીખની ૩ માસની રહેશે. જેમની જગ્યાઓનું સુધારેલુ પગારધોરણ આ નિયમો બહાર પડ્યાની તારીખ પછી જાહેર કર્યુ હોય તેવા સરકારી કર્મચારીઓનાં કિસ્સામાં ૩ માસની મુદ્દત, આવી જાહેરાતની તારીખથી શરૂ થશે.

તા. ૦૧-૦૧-૨૦૧૬ અને આ નિયમો રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખ વચ્ચે નિવૃત્ત થયેલ વ્યક્તિ, પણ વિકલ્પનો ઉપયોગ કરી શકશે.

નિયમ-૭ આ નિયમનાં પેટા નિયમ તા. ૦૧-૦૧-૨૦૧૬નાં દિવસે વિદ્યમાન પગારધોરણમાં ખરેખર પગાર નક્કી કરવા સંબંધે છે. જે કિસ્સાઓમાં સરકારી કર્મચારીએ તેની કાયમી જગ્યાનાં સંબંધમાં સુધારેલ પગાર માળખું પસંદ કર્યુ હોય, પણ કાર્યકારી જગ્યાનાં સંબંધમાં વિદ્યમાન પગારધોરણ ચાલુ રાખ્યું હોય તે કિસ્સાઓમાં આ નિયમનો લાભ મળવાપાત્ર નથી.

નિયમ-૮ આ નિયમ તા. ૦૧-૦૧-૧૬ અથવા તે પછી નવી સીધી ભરતી થયેલ કર્મચારીઓનાં પગાર નિર્ધારણની પદ્ધતિ દર્શાવે છે.

નિયમ-૯ અને ૧૦ આ નિયમો સુધારેલ પગાર માળખામાં હવે પછીનો ઇજાફો કેવી રીતે ગણાશે તેની પદ્ધતિ દર્શાવે છે.

નિયમ-૧૧ થી ૧૬. આ નિયમો સ્વયંસ્પષ્ટ છે.

ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રીનાં નામે અને તેમના હુકમથી.

સચિવ (ઇ. એ.)
નાણા વિભાગ

M N Rathod ATO-Gondal